**<u>ફોજદારી કેસ નં.૨૫૩૪/૨૦૨૬ના કામે આંક–૧ લગત હુકમ :–</u>**

(૧) રેકર્ડ વંચાણે લીધુ. આ કામે આરોપીઓ વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ: ૬૫–એએ, ૧૧૬.બી, ૯૮.૨, ૮૧ મુજબનુ ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ કોર્ટ રુબરુ હાજર થઇ પોતે સ્વૈચ્છાપુર્વક ગુના અંગેની કબુલાત પુરસીસ આપેલ છે અને જણાવે છે કે, પોતાનો પ્રથમ ગુનો છે અને પોતે ગરીબ વર્ગના અને કુટુંબ કબીલાવાળા અને ઘરમા કમાનાર એક વ્યકતી છે તથા ભવિષ્યમા ગુનો કરશે નહી તેવી ખાત્રી આપેલ છે. જેથી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવી, ગુનાની કબુલાત પુરસીસ રેકર્ડ કરી, હાલના આરોપીઓ સામે કેસ કાર્યવાહી આગળ ચલાવેલ નથી.

(૩) નામ. કેરાલા હાઇકોર્ટના સંતોષ વિ. સ્ટેટ ઓફ કેરાલાનો ચુકાદો ૨૦૦૩(૧), કે.એલ.જે. પાના નં.૭૯૫ ઉપર પ્રસીધ્ધ થયેલ. જેમા નામ. કેરાલા હાઇકોર્ટ તથા નામ. અલ્હાબાદ હાઇકોર્ટના રામકીશન વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ૧૯૯૬ના સી.આઇ.આઇ.એલ. પાના નં.૪૪૬૦ ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવવામાં આવેલ છે કે, આરોપી પોતાનો કેસ ચલાવવાની માંગણી પરત ખેંચી, ટ્રાયલ દરમ્યાન કોઇપણ તબ્બકે ગુનો કબુલ કરી શક છે. નામ. હાઇકોર્ટના સદરહું ચુકાદાને ધ્યાને લેતા, આરોપીઓને નવેસરથી તેના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીઓએ કબુલાત આપેલ છે. અત્રેની અદાલતે આરોપીઓને સજાની જોગવાઇઓ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીઓએ સ્વૈચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પરીવારની જવાબદારીવાળા વ્યકતી છે અને ઘરમાં એકમાત્ર કમાનાર વ્યકતી છે. ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૪) સદરહું કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લીધી. નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૧૯ ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા, સદર કામે આરોપીઓએ ગુના કબુલાતની પુરસીસમા જણાવેલ કારણો યોગ્ય અને ન્યાયી જણાઇ આવે છે. આ કાયદાનો રીફોરમેટીવ હેતુ લક્ષમા રાખી, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કેસના આરોપી નં.૧) હિતેશભાઇ પોલાભાઇ ટારીયા, આરોપી નં.૨) કૃણાલભાઇ ગીરધરભાઇ મંગલાણીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ: ૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ: ૬૫.એએ., ૧૧૬.બી, ૯૮.૨, ૮૧ મુજબના શીક્ષાને પાત્ર ગુનામા તકસીરવાન ઠરાવી, મજકુર કલમના ભંગ બદલ પ્રત્યેક આરોપીને રૂ.૧૧૦૦/- x ૨ - રૂ.૨૨૦૦/- (અંકે રુપીયા બે હજાર બસ્સો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન-૩ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદામાલ પાવતી મુજબના મુદામાલ વાહન અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ અપીલ સમય બાદ બિનશરતી કાયમ કરવામાં આવે છે. જો મુદામાલ વાહન અંગે કોઇ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તે મુદામાલ વાહન તેના મુળ માલીકને માલીકી અને ઓળખની ખરાઇ કરીને અપીલ સમય પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ/નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી, માહે: માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ: રાજકોટ.

**(દિપાલી દિનેશચંદ્ર શાહ)**
બીજા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજકોટ. જજ કોડ નં.જીજે.૦૧૫૫૧

**ફોજદારી દંડની રકમ રૂ.૨૨૦૦/- બે હજાર બસ્સો પુરા**
**દંડની પહોંચ નં..................તા. / /૨૦૨૬થી**
**વસુલ લીધી.**

**સુપ્રી./નાઝીર**

**ચીફ જયુડી.મેજી. કોર્ટ, રાજકોટ.**